# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-08-2026** **EVENING: 7.50 TO 8.00**

**Day: SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

****************************************************

1) **પ્રધાનમંત્રી મોદીએ 80મા સ્વતંત્રતા દિવસે ૨૦૪૭ સુધીમાં ભારતને 'વિકસિત ભારત' બનાવવા સાત-મુદ્દાના સુધારાત્મક માળખા એટલે કે ‘સપ્ત ધારા’નું અનાવરણ કર્યું.**

2) **પ્રધાનમંત્રીએ સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલા અનામતને સમર્થન આપવા તમામ પક્ષોને અનુરોધ કર્યો.**

3) **દેશભરમાં 80મા સ્વતંત્રતા દિવસની આનંદ અને ઉલ્લાસપૂર્વક ઉજવણી.**

4) **ભારતીય પુરુષ હોકી ટીમે વિશ્વકપમાં વેલ્સને 3-1થી હરાવીને શાનદાર પ્રારંભ કર્યો**

5) **પુરુષ ક્રિકેટમાં, યજમાન શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટ મેચના પ્રથમ દિવસે ભારતે ૨ વિકેટના નુકસાને ૨૮૮ રન બનાવ્યા**

*************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

**PM - INDEPENDENCE DAY**

દેશ આજે તેનો ૮૦મો સ્વતંત્રતા દિવસ ઉજવી રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીના લાલ કિલ્લા પર રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો અને રાષ્ટ્રને સંબોધન કર્યું હતું. આ વર્ષની ઉજવણીમાં 'યુવા શક્તિ'નું સન્માન કરવામાં આવી રહ્યું છે, જે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત નિર્માણમાં ભારતના યુવાનોના યોગદાનને બિરદાવે છે. રાષ્ટ્રને સંબોધતા શ્રી મોદીએ જણાવ્યું હતું કે, આઝાદી પછી પહેલીવાર એવું બન્યું છે કે લાલ કિલ્લા પરથી 'વંદે માતરમ'નો નાદ ગુંજી ઊઠ્યો છે.

(BYTRE PM-VANDE-MATRAM)

*("आजादी के बाद 15 अगस्त को लाल किले पर पहली बार वंदे मातरम गूंज रहा है। आज जब हम देश के लोग वंदे मातरम के 150 वर्ष मना रहे हैं। इससे बड़ा उत्तम अवसर क्या हो सकता है।")*

શ્રી મોદીએ જણાવ્યું હતું કે, છેલ્લાં ૧૨ વર્ષ દરમિયાન દેશના કરોડો નાગરિકોએ તેમના દ્રઢ સંકલ્પ અને સમર્પણ દ્વારા દેશને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે શક્ય તમામ પ્રયાસો કર્યા છે. તેમણે ઉમેર્યું કે એક સમયે પાંચ નબળા અર્થતંત્રોમાં સામેલ ભારત આજે વિશ્વની એક અગ્રણી અને સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા તરીકે ઊભરી આવ્યું છે

વિવિધ ક્ષેત્રોમાં પ્રાપ્ત કરેલી સિદ્ધિઓનો ઉલ્લેખ કરતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, છેલ્લાં ૧૨ વર્ષોમાં સંરક્ષણ ઉત્પાદનમાં લગભગ ચાર ગણો વધારો થયો છે, ખાદી અને ગ્રામોદ્યોગના ઉત્પાદનમાં લગભગ પાંચ ગણો, ઇલેક્ટ્રોનિક ઉત્પાદનમાં સાત ગણો, આધુનિક રેલવે કોચના નિર્માણમાં ૨૧ ગણો અને મોબાઈલ ફોનના ઉત્પાદનમાં

૩૩ ગણો વધારો નોંધાયો છે. તેમણે ઉમેર્યું કે, ઈન્ટરનેટ વપરાશકર્તાઓની સંખ્યામાં પણ લગભગ ચાર ગણો અને ડિજિટલ ટ્રાન્ઝેક્શનમાં ૧૦૦ ગણો વધારો થયો છે.

શ્રી મોદીએ જણાવ્યું કે, એનડીએ સરકારે સામાન્ય માનવીના કલ્યાણ અને સુવિધાઓ માટે પણ એટલી જ ગંભીરતાથી કામ કર્યું છે. તેમણે વધુમાં કહ્યું કે, હજારો અનુપાલન દૂર કરીને અને સેંકડો જૂના કાયદાઓ રદ કરીને દેશે સુશાસનના ક્ષેત્રે પણ અભૂતપૂર્વ પરિવર્તનો આણ્યા છે.

પ્રધાનંત્રીએ જણાવ્યું કે, ભારત આજે વિશ્વનાં રમતગમત ક્ષેત્રે પોતાનું સ્થાન હાંસલ કરી રહ્યું છે ત્યારે સરકાર ઊભરતી રમતગમત પ્રતિભાઓને ઓળખવા માટે વિશેષ પ્રયાસ કરશે.

**(BYTE PM – SPORTS)**

*("हमने तय किया है कि 2036 में जो ओलंपिक होगा, चाहते हैं कि वह भारत में हो और इसलिए 5 से 15 उम्र के बच्चों में खेल प्रतिभा ढूंढने के लिए गांव-गांव, शहर-शहर, स्कूल-स्कूल एक टैलेंट हंट का अभियान चलाया जाएगा।")*

પ્રધાનમંત્રી મોદીએ ૨૦૪૭ સુધીમાં ભારતને 'વિકસિત ભારત' બનાવવાની યાત્રાને ઝડપી બનાવવાના હેતુથી સાત-મુદ્દાના સુધારાત્મક માળખા એટલે કે ‘સપ્ત ધારા’નું અનાવરણ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, જે કામ ભૂતકાળના પાંચથી સાત દાયકામાં પૂર્ણ થઈ શક્યું નથી, તેને આગામી પાંચથી સાત વર્ષમાં જ પ્રાપ્ત કરી લેવું પડશે.

શ્રી મોદીએ ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોના વિદ્યાર્થીઓ માટે વિવિધ જાહેર સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિનામૂલ્યે ઓનલાઈન કોચિંગ પૂરું પાડવાની પણ જાહેરાત કરી હતી.

**(BYTE -PM - COACHING -]**

*("विभिन्न परीक्षाओं की फ्री ऑनलाइन कोचिंग हमने करने का निर्णय किया है. डिजिटल पब्लिक इन्फ्रास्ट्रक्चर है. हमारे पास उत्तम टैलेंट है, टीचर्स हैं, उन संसाधनों को जोड़ करके हम देश के नौजवानों को फ्री कोचिंग देने का एक पूरा नेटवर्क हम खड़ा करने वाले हैं.")*

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત નિર્માણના લક્ષ્ય તરફ આગળ વધતી વખતે દેશે અનેક અભૂતપૂર્વ સંકટોનો સફળતાપૂર્વક સામનો કર્યો છે. તેમણે કોવિડ-૧૯ મહામારી અને ત્યારબાદ યુક્રેન તેમજ પશ્ચિમ એશિયામાં સર્જાયેલા સંઘર્ષોના કારણે ઊભી થયેલી પડકારજનક પરિસ્થિતિઓને યાદ કરી હતી.

**(BYTE PM PM-PETROL)**

*"दुनिया अपने पास जो कुछ भी है उसको वेपनाइज करने में लगी है। रिसोर्स का वेपनाइज, पेट्रोल, डीजल, फर्टिलाइजर, दवाइयां, टेक्नोलॉजी की चिप, इतना ही नहीं भूभाग को भी वेपनाइज किया जा रहा है। और ऐसे समय अगर हम आत्मनिर्भर से मंत्र को लेकर 10 साल सही दिशा में न चले होते तो हम कल्पना कर सकते हैं कि ऐसी चुनौतियों का मजबूती से मुकाबला कैसे करते। और हमारी तैयारियां निरंतर बढ़ती जा रही है।"*

પ્રધાનમંત્રીએ સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલા અનામતના અમલીકરણને રાજકીય લડાઈ બનાવ્યા વિના તમામ પક્ષોને તેને સમર્થન આપવા અપીલ કરી હતી. શ્રી મોદીએ તમામ પક્ષોને દેશની મહિલાઓને વિધાનસભા સભાઓ અને લોકસભામાં શક્ય તેટલી વહેલી તકે ૩૩ ટકા પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવા વિનંતી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ભારતની નીતિઓને ઘડવામાં મહિલાઓને યોગદાન આપવાની તક મળવી જોઈએ.

**(BYTE PM -WOMEN-RESERVATION)**

*("जल्द से जल्द हमारी माताओं-बहनों को **33** प्रतिशत विधानसभा और लोकसभा में उनको प्रतिनिधित्व मिले, वे भारत की नीति घड़तर के अंदर अपना योगदान दें। समय की मांग है और मैं सभी राजनीतिक दलों से फिर से आग्रह करता हूं, आइए महिला आरक्षण लागू करके महिला सम्मान में आप भी जुड़िए। लेकिन मेरी माताओं-बहनों को हक्क दीजिए।")*

# I-DAY STATES

દેશભરમાં આજે પરંપરાગત રીતે 80મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મુખ્યમંત્રીઓ અને રાજ્યપાલો દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવીને શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. દેશના વિવિધ શહેરો, ગ્રામીણ વિસ્તારો, શાળાઓ અને સરકારી કાર્યાલયોમાં દેશભક્તિના માહોલ વચ્ચે ધ્વજવંદનના કાર્યક્રમો યોજાયા હતા. વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ અને પરેડનું આયોજન કરાયું હતું.

આજે નવી દિલ્હી ખાતે અનેક કેન્દ્રીય મંત્રીઓએ પોતપોતાના નિવાસસ્થાને રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. રાષ્ટ્રધ્વજ ફરકાવનારા મંત્રીઓમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશી અને કાપડ મંત્રી ગિરીરાજ સિંહનો સમાવેશ થાય છે. આ પ્રસંગે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ પણ ત્રિરંગો ફરકાવ્યો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# HOCKEY WORLD CUP

ભારતીય પુરુષ હોકી ટીમે એફઆઇએચ પુરુષ હોકી વિશ્વકપ 2026માં શાનદાર પ્રારંભ કરતાં વેલ્સને 3-1થી હરાવીને વિજયી પ્રારંભ કર્યો હતો. નેધરલેન્ડ્સનાં એમ્સટેલવિનનાં વાગેનર સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં કેપ્ટન હરમનપ્રીત સિંહે બે અને સંજયે એક ગોલ કર્યો હતો. ટીમનાં ત્રણેય ગોલ પેનલ્ટી કોર્નર દ્વારા આવ્યા હતા.

આ વિજય સાથે ભારતે પુલ-ડીમાં મજબૂત શરૂઆત કરી છે. ભારતનો આગામી મુકાબલો 17 ઓગસ્ટે ઇંગલેન્ડ સામે થશે.

# TEST CRICKET

પુરુષોની ક્રિકેટમાં, ગાલે ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે યજમાન શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટ મેચના પ્રથમ દિવસની રમતના અંતે ભારતે પ્રથમ ઈનિંગ્સમાં ૨ વિકેટના નુકસાને ૨૮૮ રન બનાવી લીધા છે. આ અગાઉ ભારતે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. યશસ્વી જયસ્વાલ 32 અને શુભમન ગીલ 16 રન બનાવી આઉટ થયા હતા, જ્યારે કે એલ રાહુલ 77 રન બનાવી રિટાયર્ડ હટ થયા હતા. દેવદક્ક પડીક્કલ 131 અને રિષભ પંત 27 રને રમતમાં છે.

# EVE IMD- WEATHER

હવામાન વિભાગે આગામી બે થી ત્રણ દિવસ દરમિયાન ગુજરાત, છત્તીસગઢ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, લદાખ, ઝારખંડ, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશમાં ભારે વરસાદી માહોલની આગાહી કરી છે. હવામાન વિભાગે આવતીકાલ સુધી અરુણાચલ પ્રદેશ, પશ્ચિમ બંગાળમાં ગંગાના મેદાની વિસ્તારો, ઓડિશા, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમાં ભારેથી અતિ ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

હવામાન વિભાગે આગામી ત્રણ થી ચાર દિવસ દરમિયાન આંદામાન અને નિકોબાર દ્વીપસમૂહ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, તમિળનાડુ, પુડુચેરી, કરાઈકલ, ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ અને સિક્કિમ, તેલંગાણા, બિહાર અને વિદર્ભમાં ભારે ગાજવીજ સાથે વાવાઝોડાની આગાહી કરી છે.

# EVE INDONESIA  EARTHQUAKE

ઇન્ડોનેશિયાના ફ્લોરેસ ટાપુમાં આજે ૭.૭ ની તીવ્રતાના ભૂકંપથી મૃત્યુઆંક વધીને ૩૮ થયો છે. ભૂકંપ બાદ અનેક આફ્ટરશોક્સ નોંધાયા હતા. દેશના કેટલાંક વિસ્તારોમાં એક મીટરથી પણ નીચી ઊંચાઈના સુનામી મોજાં જોવા મળ્યા હતા. ભૂકંપના લગભગ ત્રણ કલાક બાદ સુનામીની ચેતવણી પાછી ખેંચી લેવામાં આવી હતી.

આ અગાઉ, ફ્લોરેસ દ્વીપના માઉમેરેમાં બચાવ ટુકડીઓએ ૨૦ મૃતદેહો બહાર કાઢ્યા હતા અને છ ઈજાગ્રસ્તોને બચાવ્યા હતા, જ્યારે બે લોકો કાટમાળ નીચે ફસાયેલા હોવાના અહેવાલ છે. અસરગ્રસ્ત વિસ્તારોની કેટલીક ઇમારતોમાં હજુ પણ લોકો ફસાયેલા હોવાની આશંકા છે.

# STOCKS WEEKLY

છેલ્લા બે અઠવાડિયાના સુધારા બાદ આ સપ્તાહે ભારતીય શેરબજારમાં ઘટાડો નોંધાયો છે. મધ્ય પૂર્વમાં પ્રવર્તતી અનિશ્ચિતતા અને ક્રૂડ ઓઇલના ઊંચા ભાવને કારણે રોકાણકારોમાં જોખમ લેવાની વૃત્તિ ઓછી થઈ હતી. આ સપ્તાહે નિફ્ટી ૫૦ આંક ૦.૮ ટકા ઘટીને ૨૪,૩૬૬ અને બોમ્બે સ્ટોક એક્સચેન્જનો  સેન્સેક્સ ૦.૬ ટકાના ઘટાડા સાથે ૭૮ હજાર ૭ ની સપાટીએ બંધ રહ્યો હતો.

બીજી તરફ, વિદેશી હૂંડિયામણ બજારમાં ડૉલર સામે ભારતીય રૂપિયો ઘટીને બંધ રહ્યો હતો.

# PIB FACT CHECK - I DAY CASH GRANT

સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી એક પોસ્ટને સરકારે પાયાવિહોણી અને ખોટી ગણાવીને ફગાવી દીધી છે. આ વાયરલ મેસેજમાં દાવો કરવામાં આવ્યો હતો કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સ્વતંત્રતા દિવસ નિમિત્તે પાંચ હજાર રૂપિયાનું રોકડ અનુદાન આપી રહ્યા છે અને આ માટે વપરાશકર્તાઓ પાસેથી તેમના બેંક ખાતાની વિગતો માંગવામાં આવી રહી છે.

પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો-PIBના ફેક્ટ ચેક યુનિટે સ્પષ્ટતા કરી છે કે આ દાવો સંપૂર્ણપણે બનાવટી છે. PIB એ નોંધ્યું છે કે પ્રધાનમંત્રીએ આવા કોઈ પણ પ્રકારના સ્વતંત્રતા દિવસ રોકડ અનુદાનની જાહેરાત કે સમર્થન કર્યું નથી.

તેમણે નાગરિકોને ચેતવણી આપતા જણાવ્યું હતું કે આવા સંદેશાઓ અવારનવાર લોકોની અંગત અથવા નાણાકીય માહિતી એકત્રિત કરવા માટેની શંકાસ્પદ યોજના હોઈ શકે છે.

# CBDT - FAST DS RULE

કેન્દ્રીય પ્રત્યક્ષ કર બોર્ડ-CBDTએ 'ફોરેન એસેટ્સ ઓફ સ્મોલ ટેક્સપેયર્સ - ડિસક્લોઝર સ્કીમ (FAST-DS) નિયમો, ૨૦૨૬' ની અધિસૂચના બહાર પાડી છે. આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા કરદાતાઓ નિર્ધારિત કર અથવા ફી ચૂકવીને પોતાની અમુક અઘોષિત વિદેશી સંપત્તિઓ, અઘોષિત વિદેશી આવક અથવા અઘોષિત વિદેશી મિલકતોની જાહેરાત કરી શકશે.

આ યોજના આવતીકાલથી અમલમાં આવશે અને આ યોજના હેઠળ અઘોષિત સંપત્તિની જાહેરાત કરવાની અંતિમ તારીખ આ વર્ષની ૩૧ ડિસેમ્બર છે. આ તારીખ પછી કોઈ પણ જાહેરાત સ્વીકારવામાં આવશે નહીં.

# I DAY-AKASHVANI DG

નવી દિલ્હી સ્થિત આકાશવાણી મુખ્યાલયના પરિસરમાં પણ ૮૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આકાશવાણીના ડાયરેક્ટર જનરલ રાજીવ કુમાર જૈને રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો અને નાગરિકોને પોતાની શુભેચ્છાઓ પાઠવી હતી.

તેમણે જણાવ્યું કે આ દિવસ દેશની આઝાદી માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનારા શહીદોને નમન કરવાનો છે. તેમણે ઉમેર્યું હતું કે દેશને સમૃદ્ધ, વિકસિત અને આત્મનિર્ભર બનાવવાનું જે સ્વપ્ન જોવામાં આવ્યું હતું, તેને સાકાર કરવા માટે દરેક નાગરિકે પ્રયત્ન કરવો જોઈએ.